# તેતર (Grey Francolin)

પંખીઓનો મીઠો રવ આપણી ચેતનાને ધબકતી રાખે છે. શાંત વગડામાં એકાએક ગુંજી ઊઠતો પંખીનો ટહુકો કેવો રોમાંચ જગાવે છે! સાવ ટચૂકડાં હોવા છતાં બુલંદ અવાજ કાઢતાં પંખીઓના સ્વર આપણી કર્ણેન્દ્રિયને અથડાય છે ત્યારે તેમના કદ વિશેની આપણી કલ્પના હોતી નથી. આવું જ એક નાનકડું પંખી ડોક ઊંચી રાખીને મીઠા અને મોટા અવાજે 'કપિલદેવ... કપિલદેવ... કપિલદેવ...' કે 'પતીલા... પતીલા... પતીલા...' એમ બોલતું આપણામાંના ઘણાં લોકોએ સાંભળ્યું હશે. વગડામાં ગુંજતો તેનો પ્રફુલ્લ, રણકા જેવો અવાજ બહુ મીઠો લાગે, મીઠા રણકા અને કર્કશ સ્વરના મિશ્રણ જેવા તેના અવાજની માત્રા ધીમે-ધીમે ઊંચે ચડતી જાય છે, જે સાંભળનારનું ધ્યાન અચૂક પોતાની તરફ ખેંચે છ, આ પંખી એટલે તેતર, તેને અંગ્રેજીમાં Grey Francolin કહે છે.

પાંખવાળું હોવા છતાં જમીન પરનું ગણાતું આ પક્ષી ભૂખરા રંગનું છે અને લડાયક મિજાજ ધરાવે છે. મુખ્યત્વે કણભક્ષી આ પક્ષીના પગ ટૂંકા પણ મજબૂત હોય છે અને નરના પગમાં એક-એક અણીદાર કાંટો, એટલે કે નહોર, હોય છે, જે તેને લડવામાં કામ લાગે છે. તેના પગના મજબૂત નહોર તેને ખોરાક માટે ધરતી ખોતરવામાં

**વગડામાં ગુંજતો તેનો પ્રફુલ્લ, રણકા જેવો અવાજ બહુ મીઠો લાગે, મીઠા રણકા અને કર્કશ સ્વરના મિશ્રણ જેવા તેના અવાજની માત્રા ધીમે-ધીમે ઊંચે ચડતી જાય છે, જે સાંભળનારનું ધ્યાન અચૂક પોતાની તરફ ખેંચે છે!**

મદદરૂપ બને છે. સીમ-ખેતરમાંથી કે ઝાડી-ઝાંખરાં વચ્ચેથી પસાર થતા રસ્તે જતાં હોઈએ ત્યારે એકલ-દોકલ અથવા બે-પાંચની ટોળીમાં ડોલતાં-ડોલતાં આમતેમ જતાં તે જોવા મળે છે. પરંતુ કોઈ ખલેલ પહોંચે તો ઝડપથી ભાગી જાય, સંતાઈ જાય અને ફરી પાછાં એકઠાં થઈ જાય. આ તેની વિશેષતા છે. તેતર આછાં ઝાડી-ઝાંખરાં, સીમ, ખેતર અને વાડીઓમાં વસે છે. તેનું કદ લગભગ ૩૦ સે.મી. જેટલું હોય છે. તે ભૂખરા રંગનું પંખી છે. વધુ ભરાવદાર શરીર હોવાથી તે ગોળ દડા જેવું લાગે છે. તેના શરીર પર પીળાશ પડતી, બદામી અને કાળાશ પડતી ભૂખરી રેખાઓ હોય છે. તેની પૂંછડી સાવ નહીં જેવી ટૂંકી હોય છે. માદા કરતાં નર વધુ ભરાવદાર દેખાય છે.

જ્યાં પાણી સરળતાથી ઉપલબ્ધ હોય, ઝાડી-ઝાંખરાં, છોડવા અને ઊંચું ઘાસવાળું બીડ હોય ત્યાં તે એકલું, જોડીમાં કે ટોળામાં જોવા મળે છે. ખેતર-વાડીમાં તે વહેલી સવારે અથવા સાંજે ચારો ચરતું જોવા મળે છે. તે ખૂબ ઝડપથી દોડી શકે છે. ભાગવા માટે તે મોટા ભાગે પોતાના પગ પર જ આધાર રાખે છે. ઊડવાનું થાય ત્યારે તે સામાન્ય રીતે બસ્સો મીટર જેટલું ઊડીને દૂર બેસે છે. ઊંચે પણ તે જમીનથી દસ-પંદર મીટરથી વધુ ઊડતું નથી. તે ખોરાક માટે આમતેમ દોડતું અને ધરતી ખોતરતું જોવા મળે છે. તેના ખોરાકમાં બી, નાનાં ફળો અને જીવડાંનો સમાવેશ થાય છે. ઊધઈ અને તીડ તેની ખાસ વાનગી ગણાય છે. તે ઊડે ત્યારે તેની પાંખોનો અવાજ સ્પષ્ટ સંભળાય છે. જોકે તે ખાસ જરૂર પડે ત્યારે જ ઊડે છે, નહીં તો ઊડવાનું બહુ પસંદ કરતું નથી. મોટા ભાગે દોડીને ઝાડીમાં સંતાઈ જવાનું તેને વધુ ગમે છે. તે ઊડીને નીચે ઊતરે ત્યારે પણ તરત જ થોડું અંતર દોડી લે છે. તે ઝાડ પર પણ બેસી શકે છે અને રાતવાસો ઝાડમાં કે કાંટાળી વાડમાં કરે છે.



**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા



Grey Francolin એટલે કે તેતર સમગ્ર ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. બીજો એક પ્રકાર, Painted Francolin (તલિયો તેતર), કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં વ્યાપક છે. જ્યારે Black Francolin (કાળો તેતર) મુખ્યત્વે કચ્છમાં જોવા મળે છે. દેખાવમાં સાવ ભોળું અને બિચારું લાગતું આ પંખી શિકારીઓનો ભોગ બહુ બને છે. પહેલાંના સમયમાં પાળેલાં તેતરો વચ્ચે લડાઈ કરાવવામાં આવતી. જોકે આવા તમાશા હવે જવલ્લે જ જોવા મળે છે; નહીં તો માનવની ચિચિયારીઓ વચ્ચે લોહીલુહાણ થતા તેતરની વેદના આજે પણ જીવંત હોત. તે ફાગણથી વૈશાખ વચ્ચે માળો બનાવે છે. જમીનમાં છીછરો ખાડો કરીને ઝાડ કે બીડની ઓથ નીચે થોડું ઘાસ પાથરી તે માળો બનાવે છે. તેના ઈંડાં પાંચથી દસની સંખ્યામાં હોય છે. તેનો રંગ ભૂરાશ પડતો સફેદ, મલાઈ જેવો હોય છે. મજબૂત પગ અને મધ્યમ કદ ધરાવતું આ પંખી નજીકથી જોયું હોય તો ધરતીના રંગો સાથે ભળી જતું હોવા છતાં ખૂબ સુંદર લાગે છે. તેતર આપણા બાલગીતો અને ઉખાણાંમાં ગવાયેલું પંખી છે. આવો, આપણે આપણી સંસ્કૃતિને પ્રકૃતિ સાથેના અભેદ્ય નાતાથી જોડી રાખવા પ્રયત્નશીલ રહીએ.

# રસ્તા પરની સ્ટ્રીટ લાઇટના થાંભલા નીચે કેમ હોય છે લોખંડનું બોક્સ?

આપણે રાત્રે રસ્તા પર નીકળીએ છીએ , ત્યારે આપણું ધ્યાન અવારનવાર સ્ટ્રીટ લાઈટ તરફ જાય છે. અંધારું થતાં જ આ લાઈટો રસ્તા, ગલી અને ચોરાહાઓને રોશન કરી દે છે. પરંતુ શું તમે ક્યારેય સ્ટ્રીટ લાઈટના થાંભલાની નીચે કે તેની પાસે લાગેલા નાનકડા બોક્સ પર ધ્યાન આપ્યું છે? મોટાભાગના લોકો તેને જોઈને એ જ વિચારે છે કે, આખરે આ ડબ્બો કયા કામમાં આવે છે. શું તેમાં વીજળીનું મીટર હોય છે કે પછી તેનું કોઈ બીજું કામ છે? હકીકતમાં આ નાનકડું બોક્સ સ્ટ્રીટ લાઈટના આખા ઈલેક્ટ્રિકલ સિસ્ટમનો એક જરૂરી ભાગ હોઈ શકે છે. જોકે, દરેક જગ્યાએ લાગેલા બોક્સનું કામ બિલકુલ એક સરખું નથી હોતું. સ્ટ્રીટ લાઈટની નીચે લાગેલા બોક્સમાં શું હોય છે? સ્ટ્રીટ લાઈટના થાંભલા પાસે લાગેલા બોક્સને સામાન્ય રીતે Electrical Junction Box, Control Box કે Feeder Pillar કહેવામાં આવે છે. તેમાં વીજળીની સપ્લાય અને સ્ટ્રીટ લાઈટ સાથે જોડાયેલા ઘણા જરૂરી ઉપકરણો લગાવવામાં આવે છે. આ ઉપકરણોથી લાઈટ સુધી વીજળી પહોંચાડવામાં આવે છે. સાથે જ જરૂર પડવા પર વીજળીની સપ્લાયને બંધ કે ચાલુ કરવામાં પણ આની મદદ લેવામાં આવે છે. ઘણી જગ્યાઓએ આ બોક્સની અંદર MCB, ફ્યુઝ, કોન્ટેક્ટર, ટર્મિનલ અને



વાયરિંગ કનેક્શન જેવા ઉપકરણો લાગેલા હોય છે. આનું કામ વીજળીના સર્કિટને સુરક્ષિત રાખવું અને કોઈ પ્રકારની ખામી આવવા પર વીજળીની સપ્લાયને કંટ્રોલ કરવાનું હોય છે. સાંજ થતાં જ સ્ટ્રીટ લાઈટ ચાલું કેમ છે? તમે અવારનવાર જોયું હશે કે, સાંજ થતાં જ રસ્તાની સ્ટ્રીટ લાઈટ જાતે સળગવા લાગે છે. આ માટે દરેક જગ્યાએ કોઈ કર્મચારીને એક-એક લાઈટ પાસે જઈને ચાલુ કરવાની જરૂર પડતી નથી. ઘણા સ્ટ્રીટ લાઈટ સિસ્ટમમાં ફોટો સેન્સર કે ટાઈમરનો ઉપયોગ કરવામાં આવે છે. ફોટો સેન્સર આસપાસના અજવાળાને ઓળખી શકે છે. જ્યારે કુદરતી અજવાળું ઓછું થવા લાગે છે, ત્યારે સિસ્ટમ લાઈટને ચાલુ કરવાનો સંકેત આપે છે. સવારે પૂરતું અજવાળું થવા પર લાઈટ જાતે બંધ થઈ જાય છે. કેટલીક આધુનિક જગ્યાઓ પર સ્ટ્રીટ લાઈટને કંટ્રોલ પેનલ કે સ્માર્ટ સિસ્ટમથી પણ નિયંત્રિત કરવામાં આવે છે. આનાથી એક જગ્યાએ બેસીને ઘણી લાઈટોની દેખરેખ અને સંચાલન કરી શકાય છે. વીજળીની સુરક્ષામાં કામ આવે છે આ બોક્સઃ સ્ટ્રીટ લાઈટમાં વીજળીનો ઉપયોગ થાય છે અને વીજળીના વાયરોને ખુલ્લામાં રાખવા સુરક્ષિત હોતા નથી. તેથી જરૂરી વાયરિંગ અને ઈલેક્ટ્રિકલ ઉપકરણોને એક સુરક્ષિત બોક્સની અંદર રાખવામાં આવે છે. આનાથી ઉપકરણોને વરસાદ, ધૂળ અને બહારના નુકસાનથી બચાવવામાં મદદ મળે છે. સાથે જ જો સર્કિટમાં અચાનક વધારે કરંટ આવી જાય કે શોર્ટ સર્કિટ જેવી સમસ્યા થાય, તો ફ્યુઝ કે MCB જેવા સુરક્ષા ઉપકરણો વીજળીની સપ્લાયને રોકી દે છે. આનો ફાયદો એ થાય છે કે, ખામીના કારણે થનારા મોટા નુકસાનનો ખતરો ઓછો કરી શકાય છે.